લીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
ગુજરાત ટુડે
GUJARAT TODAY
VALUABLE 34 YEARS EXPERIENCE GUJARAT TODAY
Ahmedabad
23-FEB-2025
SUNDAY
www.gujarattoday.in
GUJARAT TODAY

# SGCCI દ્વારા SIECC સરસાણા ખાતે 'ઉદ્યોગ-૨૦૨૫' પ્રદર્શનનું ભવ્ય આયોજન

## બારડોલીના સાંસદ પ્રભુ વસાવા અને કે.પી. ગ્રુપના ચેરમેન ડૉ.ફારૂક પટેલના હસ્તે ખુલ્લું મૂકાયું



સુરત, તા.૨૨

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ત્રિ-દિવસીય 'ઉદ્યોગ-૨૦૨૫' પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

'ઉદ્યોગ-૨૦૨૫' પ્રદર્શનનો ઉદ્‌ઘાટન સમારોહ શુક્રવાર તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સેમિનાર હોલ-એ, સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે યોજાશે, જેમાં બારડોલીના માનનીય સાંસદ પરભુભાઈ વસાવા મુખ્ય મહેમાન તરીકે અને કે.પી. ગ્રુપના ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર ડૉ.ફારૂક પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે જૈનમ બ્રોકિંગ લિમિટેડના ચેરમેન મિલન પરીખ અને કાકરાપાર સ્થિત ઓટોમિક પાવર સ્ટેશન દ.હયીના સ્ટેશન ડિરેક્ટર યશ લાલા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૮૫ વર્ષથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના વ્યાપાર-ઉદ્યોગના વિકાસ માટે સતત પ્રયત્નશીલ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષોથી વિવિધ પ્રદર્શનોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે. ચેમ્બરના ફલેગશીપ એવા ઉદ્યોગ પ્રદર્શનનું દર બીજા વર્ષે આયોજન થાય છે, જેના ભાગરૂપે ચેમ્બર દ્વારા આ વર્ષે ઉદ્યોગ પ્રદર્શનની ૧૫મી આવૃત્તિ તરીકે 'ઉદ્યોગ-૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ઉદ્યોગ પ્રદર્શનમાં સુરત ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, અંકલેશ્વર, જામનગર, વાપી, વલસાડ, દાદરા નગર હવેલી, મુંબઈ, થાણે, નવી દિલ્હી, નોઈડા, જાલંધર (પંજાબ), હિમાચલપ્રદેશ, ઉદયપુર અને તમિલનાડુના કુલ ૧૭૫થી વધુ એક્ઝિબિટર્સ દ્વારા પાર્ટીસિપેટ કરવામાં આવ્યું છે. આ ચેમ્બર પ્રમુખે જણાવ્યું હતું કે, આ વર્ષે પ્રથમ વખત ઉદ્યોગ પ્રદર્શનમાં મુકબધીર અને દિવ્યાંગો માટે અલગથી પેવેલિયન ફાળવવામાં આવશે. દિવ્યાંગો દ્વારા બનાવવામાં આવતી અગરબત્તી તથા અન્ય પ્રોડક્ટનું તેઓ પ્રદર્શન કરી શકે તે માટે તેઓને પ્લેટફોર્મ પૂરૂં પાડવામાં આવશે.

ચેમ્બરને ઉદ્યોગ પ્રદર્શનમાં પ્લેટિનમ સ્પોન્સર તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો, ગોલ્ડ સ્પોન્સર તરીકે કે.પી. ગ્રુપનો તથા એસોસિએટ સ્પોન્સર તરીકે ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, ઈન્ડેક્ષ બી અને જૈનમ બ્રોકિંગ લિમિટેડનો સહકાર પ્રાપ્ત થયો છે.